bluebytes
news that matters

Friday, December 11, 2009

**Tobacco Control Activist Slams Company On Smuggling Issue**

Publication: Crime Solution, Edition: Ahmedabad, Journalist: Bureau, Page No: 3, Location: Bottom-Left, Width(cms): 14, Height(cms): 26, Size(sq.cms): 364

# તમાકુની દાણચોરી : વધતો ભય

ડો. પી. સી. ગુપ્તા

ડિરેક્ટર, હીલિસ સખસેરિયા ઈન્સ્ટિટ્યૂટ ફોર પબ્લિક હેલ્થ

બ્રિટિશ મેડિકલ જર્નલના તાજેતરના અહેવાલ અનુસાર તમાકુ સંબંધી મુદ્દાઓમાંથી યુકેમાં દર વર્ષે આશરે ૪૦૦૦ પ્રીમેચ્યોર મૃત્યુ દાણચોરીના તમાકુના ઉપયોગ સાથે પ્રત્યક્ષ સાંકળવામાં આવે છે. યુકેમાં દાણચોરીનાં બધા જ કેફી દ્રવ્યોના ઉપયોગથી થતાં મૃત્યુની તુલનાનાં આ આંક ચારગણો વધુ છે. કેન્સર રિસર્ચ યુકે હેલ્થ બિહેવિયર રિસર્ચ સેન્ટર (એચબીઆરસી)ના નિષ્ણાતો અનુસાર સિગારેટોની કિંમતોમાં વધારો વધુ ને વધુ ધૂમ્રપાનના વ્યસનીઓને ધૂમ્રપાનથી દૂર કરી શકે છે, પરંતુ દાણચોરીના તમાકુના મોટા પ્રમાણને કારણે આ પ્રોડક્ટો અત્યંત ઓછી કિંમતે મળે છે. આને કારણે આર્થિક રીતે પછાત વર્ગના પુખ્તો અને યુવાન પુખ્તોની પણ તે આસાન પહોંચમાં આવે છે. આ તારણને ધ્યાનમાં રાખતાં એક વાત સ્પષ્ટ છે કે યુકેમાં દાણચોરીના તમાકુને અટકાવવા માટે જરૂરી પગલાં લેવાય તો દર વર્ષે ઘણા જીવન બચાવી શકાય છે.

આ ફક્ત યુકે પૂરતું જ મર્યાદિત નથી. હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી વિશાળ તમાકુ કંપનીમાંની એક બ્રિટિશ અમેરિકન ટોબેકો (બેટ) વિરુદ્ધ વિશ્વભરમાં ઘણાં સ્થળે પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રીતે તમાકુની દાણચોરી થતી હોવાના સ્પષ્ટ પુરાવા મળ્યા બાદ પગલાં લેવાયાં હતાં.

## ભારતમાં સિનારિયો

તમાકુની દાણચોરી મર્યાદિત નથી. ભારતના સરહદ પ્રદેશોમાં તો તે મોટો વેપલો બની ગઈ છે અને તેનું પ્રમાણ વધતું જ જાય છે. ભારત-નેપાળ સરહદ પર તમાકુની દાણચોરીના તાજેતરના અહેવાલો એ એવી ગંભીર બાબત સપાટી પર લાવી દીધી છે કે આ દાણચોરો આ કામ માટે બાળકોનો કેરિયર તરીકે ઉપયોગ કરી રહ્યા છે. અહેવાલમાં એ પણ વાત બહાર આવી છે કે પશ્ચિમ બંગાળના અમુક ભાગોમાં પણ આ રીતે જ દાણચોરી થાય છે. ઘણા કિસ્સામાં વિકલાંગ અને વૃદ્ધજનોને આવકનો સ્રોત આપવાને નામે તેમની પાસેથી આ કામ કરાવી લેવાય છે. સત્તાવાળા કાંઈ આ વાતથી અજાણ નથી, પરંતુ તેમ છતાં તમાકુની દાણચોરી બેરોકટોક ચાલી રહી છે. આજે પણ બંગલાદેશ, નેપાળ અને મ્યાનમાર જેવી પૂર્વીય સરહદો પર પાડોશી દેશમાંથી દેશમાં સિગારેટોની જુદી જુદી બ્રાન્ડ્સની દાણચોરીથી આવે છે. કિંમતમાં સસ્તી આ પ્રોડક્ટો આર્થિક રીતે પછાત હોય તેમને ધ્યાનમાં રાખીને જ ખાસ તૈયાર કરાયેલી હોય છે, જેમાં વિદ્યાર્થીઓ, મજૂર વર્ગ સહિત ઓછી ખર્ચશક્તિ ધરાવનારાઓનો સમાવેશ થાય છે.

ઘરઆંગણે તમાકુના ઉત્પાદન પર કરો વધારવાને કારણે પણ સિગારેટોની દાણચોરીનું પ્રમાણ વધ્યું છે. કરોમાં વધારાથી ભારતીય ઉત્પાદકોએ ફિલ્ટર વિનાની સિગારેટોનું ઉત્પાદન અટકાવી દીધું છે. આને કારણે ફિલ્ટરવાળી અને સ્થાનિક બિનફિલ્ટરવાળી સિગારેટોની દાણચોરીને મોકળું મેદાન મળી ગયું છે. આને લીધે સરકારી તિજોરીમાં કર તો ઓછો આવે જ છે, પરંતુ સમાજના આર્થિક પછાત વર્ગને ફિલ્ટર સિગારેટોની આસાન પહોંચ મળે છે, જે સારો સંકેત નથી. સિગારેટો સસ્તી હોય તેટલો તેનો ઉપયોગ વધે છે અને તેને લીધે દેશભરમાં હજારો અજાણ ગરીબો સામે આરોગ્યનું મોટું જોખમ ઊભું થાય છે.

## એફડીઆઈના મુદ્દાઓ

ભારતમાં તમાકુના ખેડૂતોએ પોતે ગોડફ્રે ફિલિપ્સ દ્વારા ભારતમાં માર્લબોરો સિગારેટોની બ્રાન્ડની આયાત અને વેચાણ વિશે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વળી, વિધિની વક્રતા એ છે કે આ કંપની બ્રાન્ડની વિધિસર જાહેરાત માટે આયાતને પાછલે બારણેથી પીઠબળ આપે છે અને પોતાની બ્રાન્ડની દાણચોરીની સિગારેટોને પ્રોત્સાહન આપવાનું કામ કરી રહી છે. દેશના તમાકુ ઉદ્યોગમાં પ્રત્યક્ષ રોકાણ કરવા માટે સરકારી મંજૂરી મેળવવા માટે વૈશ્વિક સિગારેટ બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ આ જ તરકીબ અજમાવે છે. આ કંપનીઓની પાર્શ્વભૂ પર નજર ફેરવતાં જાણવા મળે છે કે દેશમાં સિગારેટોની મોટે પાયે દાણચોરી સાથે સંકળાયેલું વિધિસર મંચ સલામત રાખવાનો જ તેમનો મૂળ હેતુ છે.

અન્ય ચિંતાનો વિષય એ છે કે ભારતમાં તમાકુ ઉદ્યોગમાં એફડીઆઈ માટે મંજૂરી મેળવવા ઉત્પાદકો પોતાની બ્રાન્ડને ભારતમાં પ્રમોટ કરે છે અને ત પછી તેમાંથી પરિણમતી માગણીને તેઓ સંગઠિત આંતરરાષ્ટ્રીય દાણચોરી કામગીરી થકી લક્ષ્યને પહોંચી વળે છે અને તેથી ઓછી કિંમતની બ્રાન્ડેડ પ્રોડક્ટો બજારમાં ફૂલેફાલે છે.

## સંભવિત પગલાં :

આંતરરાષ્ટ્રીય તમાકુની દાણચોરીનો આ પ્રવાહ ધ્યાન ખેંચનારો છે અને ઘણા દેશોએ પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. ઘણા બધા યુરોપિયન યુનિયન દેશોએ યુરોપિયન બજારમાં બે સૌથી વિશાળ તમાકુ કંપનીઓ ફિલિપ મોરિસ ઈન્ટરનેશનલ અને જાપાન ટોબેકો ઈન્ટરનેશનલ સાથે કરાર કર્યા છે, જેના હેઠળ વિતરણ પર સખત નિયંત્રણ રહેવું જોઈએ અને દાણચોરીમાં સંકળાયેલા કોન્ટ્રાક્ટરોને પુરવઠો આપવાનું સંપૂર્ણ બંધ થાય તેની ખાતરી રહે. ભારતમાં સત્તાવાળાઓ દ્વારા તમાકુ કંપનીઓ સાથે આ પ્રકારના જ કરાર કરવામાં કોઈ વાંધો હોય તેવું જણાતું નથી.

ઉપરાંત આવાં પગલાંથી વેપાર નિયમનથી દાણચોરીની સિગારેટોમાંથી સંભવિત નફો ઘટી શકે છે. વળી, સાર્ક દેશોમાં એક્સાઈઝ અને આયાત ડ્યુટી લાદવાનું શક્ય પગલું વિચારવું જોઈએ. આને લીધે દાણચોરો કાયદાનું ઉલ્લંઘન કરતાં બે વાર વિચાર કરશે. ડ્યુટી ફ્રી સિગારેટોને પણ નાબૂદ કરવું જોઈએ, જેથી કાનૂની આયાતો પર એક્સાઈઝ ડ્યુટી થકી સરકારને આવક થશે અને દાણચોરી અટકી જશે. રિટેઈલરો માટે ટેક્સેશન અને સિગારેટોના જથ્થાની નોંધણીના નિયમોથી પણ દાણચોરી પર અંકુશ આવી શકે છે.

ભારતમાં તમાકુ ઉપયોગ મોટું જોખમ બની રહ્યો છે અને તે રોગચાળાના પ્રમાણમાં પહોંચી ગયું છે. દર વર્ષે ભારતમાં તમાકુને કારણે ૯ લાખ લોકોનાં મોત થાય છે અને આ સંખ્યા ૨૦૧૦ સુધીમાં દર વર્ષે ૧૦ લાખ સુધી પહોંચી જશે. આ આંકડા બતાવે છે કે ભારતમાં ૧૦માંથી એક મૃત્યુ સિગારેટ સંબંધી રોગથી થાય છે. આથી દર વર્ષે ભારતીયો દ્વારા ભરવામાં આવતા ભારે ટોલને ધ્યાનમાં લેતાં સત્તાવાળાઓએ સિગારેટોની દાણચોરીને નાથવાને પ્રાધાન્ય આપવું જોઈએ અને અનધિકૃત આયાત અટકાવવી જોઈએ. તો જ સરકારની મહેનત કામે લાગશે.